# ગુજરાતી : માધ્યમ વિચારણા

ગુજરાત રાજ્યમાં શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષા સ્વીકાર પામી છે અને ત્યારે વિજ્ઞાન, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, વાણિજ્ય, વાણિજ્ય સંચાલન જેવી સમાજવિદ્યાઓ તથા વિવિધ માનવવિદ્યાઓનો વિદ્યાર્થી ગુજરાતી ભાષામાં કુશળ અને અસરકારક અભિવ્યક્તિ અને પ્રત્યાયન સાધી શકે, એમાં સહાયભૂત થઈ શકે એવા યુનિવર્સિટીઓના ફરજિયાત ગુજરાતીના અભ્યાસક્રમનો વિચાર આટલે વખતે આવવો એ પણ આનંદની વાત છે.

આજે સાતેક જેટલી ગુજરાતની યુનિવસિર્ટીઓમાં ગુજરાતી ભાષાનું માધ્યમ છે અને આ માધ્યમ વર્ષોથી છે. એમાં આ માધ્યમ અંગેની સભાનતા કેળવવાનો કે માધ્યમને સક્ષમ બનાવવાનો કોઈ સક્રિય પુરુષાર્થ થયો હોવાનું જાણમાં નથી. આ અંગે છૂટાછવાયા કોઈ પ્રયત્નો આ દિશામાં થતા હોય તો તે પણ જાણમાં નથી, ખરેખર તો માધ્યમ તરીકે સ્વીકાર કર્યા પછી ગુજરાતી ભાષાના માધ્યમને એમ ને એમ છોડી દેવામાં આવેલું છે. આમાં એક કરતાં અનેક માન્યતાઓ કામ કરતી હોવાની સંભાવના છે. ગુજરાતી તો માતૃભાષા છે, ઉચ્ચશિક્ષણના સ્તર સુધી તો વિદ્યાર્થી ભાષા શીખીને આવ્યો જ છે અને વર્ષો સુધી માધ્યમ તરીકે ગુજરાતી ભાષા કામ કરશે તો આપમેળે એ વિષયોનાં અનુસંધાનમાં પોતાની અનુનેયતા અને કાર્યક્ષમતા કેળવી જ લેશે વગેરે વગેરે. કેટલેક અંશે આવી માન્યતાઓ સ્વાભાવિક ગણાય. પરંતુ આવી માન્યતાઓના મૂલ્યાંકનની તેમજ એને વિશેની વિશેષ વિચારણાની જરૂર છે.

પહેલી વાત તો એ છે કે માધ્યમ માતૃભાષાનું હોય તો પણ રોજિંદી ભાષા કરતાં શાસ્ત્રો અને વિદ્યાઓની ભાષા વિશેષ હોય છે અને એવી વિશેષ ભાષામાં કામ કરવાનું થાય છે. આ વિશેષ ભાષા અંગે કુશળતા અને અભિવ્યક્તિક્ષમતા રોજિંદા ભાષાવ્યવહારમાં હોય એના કરતાં જુદા પ્રકારની જોઈશે એ હકીકત છે. પરંતુ એમાં કોઈ વિશેષ પ્રયત્ન વિના, ક્યારેક તો માધ્યમની ખેવના કર્યા વગર, માત્ર કામચલાઉ ધોરણે કામ થયા કર્યું છે.

બીજી વાત એ છે કે ઉચ્ચશિક્ષણના સ્તર પર્યંત પહોંચેલો વિદ્યાર્થી ભાષા શીખીને આવે છે. એમાં કદાચ ભાષાની કેટલીક સામાન્ય કાર્યક્ષમતા અંગેની માન્યતા હશે, પણ કહેવું જોઈએ કે માધ્યમિક સ્તરે ગોઠવાયેલા અભ્યાસક્રમમાં ભાષા તરફ ભાગ્યે જ કશું ધ્યાન અપાય છે અથવા ભાષા માધ્યમિક સ્તરે ભાગ્યે જ એક મૂલ્ય બની છે. આથી ઉચ્ચશિક્ષણના સ્તરે ભાષાની સામાન્ય અને વિશેષ કાર્યક્ષમતા એમ બંનેનો વિચાર કરવો પડે એવું થયું છે.

ત્રીજી વાત એ કે ગુજરાતી ભાષામાં આજ સુધી લખાયેલાં શાસ્ત્રવિજ્ઞાનવિષયક પાઠ્યપુસ્તકોએ તેમજ અન્ય ભાષામાંથી આ અંગે થયેલા અનુવાદોએ વાતાવરણ

રચવા તરફ અલબત્ત એક પ્રયત્ન કર્યો છે, પરંતુ એમાં એકવાકયતા લાવવાનો કે એની એકવાકયતા તપાસવાનો કોઈ ઉપક્રમ થયો નથી.

અત્યારની આ પરિસ્થિતિમાં સ્નાતકકક્ષાએ ફરજિયાત ગુજરાતી ભાષાનો અભ્યાસક્રમ દાખલ કરવાનો વિચાર આવે એનો સંદર્ભ અને એને અનુલક્ષીને જે બીજા સંદર્ભો ઊભા થાય એને તપાસીએ.

(૧) ગુજરાતી ભાષાનો અધ્યાપક મુખ્યત્વે ગુજરાતી સાહિત્યનો અધ્યાપક છે. ભાષાનું શિક્ષણ આપવા અંગે કે પ્રત્યાયનશિક્ષણ આપવા અંગે આથી એ આપમેળે લાયક ઠરતો નથી. આથી ગુજરાતી ભાષાના માધ્યમશિક્ષણ અંગે અને પ્રત્યાયનશિક્ષણ અંગે વિચારવાનું થાય ત્યારે ગુજરાતી સાહિત્યના કેટલાક અધ્યાપકોને આ બાબતમાં ટૂંકા અભિશિક્ષણ વર્ગો દ્વારા સજ્જ કરવાનો કાર્યક્રમ પહેલા હાથ ધરાવો જોઈએ.

(૨) માધ્યમશિક્ષણનો અને પ્રત્યાયનશિક્ષણનો સંદર્ભ જુદા જુદા વિષયના સંદર્ભમાં જુદી જુદી રીતે સ્વીકારવો જોઈએ. વાણિજ્યનું ગુજરાતી, મનોવિજ્ઞાનનું ગુજરાતી અર્થશાસ્ત્રનું ગુજરાતી એક ન હોઈ શકે. વધુ વિભાગો ન કરવા હોય તો મુખ્ય વિષયજૂથો કરવાં પડે. શક્ય હોય તો વિષયવાર મહત્ત્વનો શબ્દોકોશ, મહત્ત્વનો વાક્યકોશ, મહત્ત્વનો અશુદ્ધિકોશ તૈયાર થવો જોઈએ. વિષયવાર ગુજરાતી શિક્ષણની પત્રિકાઓ તૈયાર થઈ હોય તો જ વધારે અસરકારક રીતે અભ્યાસના વિષય સાથે ગુજરાતીનું શિક્ષણ અને ગુજરાતીના શિક્ષણ સાથે વિષયનું શિક્ષણ આપી શકાય. અને આ માટે યુનિવર્સિટીઓ કાર્યને વહેંચી લઈ શકે. બે કે એથી વધુ ભાષાના નિષ્ણાતો અને બે કે એથી વધુ વિષયના નિષ્ણાતોની વિષયવાર સમિતિ રચી, નક્કી કરેલા વિષયોમાં ગુજરાતી-શિક્ષણની પુસ્તિકાઓ તૈયાર થઈ શકે. આ કાર્ય, એકવાક્યતા જાળવવા આંતરયુનિવર્સિટી કક્ષાએ થાય એ વધુ યોગ્ય છે.

(૩) ગુજરાતી શિક્ષણની આ પ્રકારની પુસ્તિકાઓ જે તે વિષયને અંકે કરીને ભાષા શીખવતી હોય ત્યારે એમાં નિગમનપરક (Inductive), અનુમાનપરક (Deductive) અને નિવેશનપરક (Applicative) એમ ત્રણે પદ્ધતિનો સમન્વય કરવો જરૂરી છે. કોઈ એક પદ્ધતિ ઉત્તમ ન હોઈ શકે. વળી, શીખવનાર અને શીખનારને અલગ અલગ પદ્ધતિ માફક હોઈ શકે. નિગમનપરક પદ્ધતિમાં ઉદાહરણો અને દૃષ્ટાંતો પરથી સિદ્ધાંતો પર લઈ જવાય છે, અનુમાનપરક પદ્ધતિમાં સિદ્ધાંતો પરથી ઉદાહરણો અને દૃષ્ટાંતો પર લઈ જવાય છે. જ્યારે નિવેશનપરક પદ્ધતિમાં બંનેનો સમન્વય છે અને એ ક્રિયામાં અધ્યાપક સતત વિદ્યાર્થીની સાથે રહેતો હોય છે. અહીં આ ત્રણે પદ્ધતિનું આથી વધુ વિસ્તરણ કરવાની જરૂર નથી. વિષયવાર

અહેવાલલેખન અને સંક્ષેપલેખન જેવી પ્રક્રિયાઓ દ્વારા આકલન અને અભિવ્યક્તિ ક્ષમતા પણ વિકસાવી શકાય.

(૪) માધ્યમ અંગેનો અભ્યાસક્રમ નક્કી થાય ત્યારે લઘુતમ લાયકાત અંગે કે વધુમાં વધુ અપેક્ષા અંગેનાં ધોરણોની પણ સ્પષ્ટતા થઈ જવી જરૂરી છે. આ ધોરણો વિષયનિષ્ણાતો અને ભાષાનિષ્ણાતોની સંયુક્ત સમિતિનાં તારણો દ્વારા જ નક્કી થઈ શકે.

(૫) અધ્યાપક, પુસ્તક અને વિદ્યાર્થીને અનુલક્ષીને શિક્ષણશાસ્ત્ર જેને 'શિરોલંબ આયોજન' (Vertical organization) કહે છે તેવા આયોજનની સાથે સાથે આયોજનની પાર્શ્વિક તરાહ (Lateral pattern of organization) પણ હોવી ઘટે એટલે દૃશ્ય-શ્રાવ્ય તેમજ સાઇક્લોસ્ટાઇલ સામગ્રીને પણ એમાં મહત્ત્વનું સ્થાન અપાય. ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ અને ભાષાનિયામકની કચેરી આમાં સહાયભૂત થઈ શકે અલગ અલગ વિષયવાર ગુજરાતી શિક્ષણની ફિલ્મસ્ટ્રીપ તૈયાર કરાવી શકાય. કૅસેટો તૈયાર કરાવી શકાય. ફિલ્મો પણ તૈયાર થઈ શકે. ભલે એનું વેપારી ધોરણે વિતરણ થાય. યુનિવર્સિટીઓ સંયુક્ત થઈને પોતાના કાર્યક્ષેત્રમાં આ વાત ખેંચી જાય તો પણ એ ઉચિત ગણાશે.

(૬) ફરજિયાત ભાષાશિક્ષણ અને પ્રત્યાયનશિક્ષણના સંદર્ભથી એક વિષમ પરિસ્થિતિ ઊભી થવાનો સંભવ છે. વર્ગમાં ભાષાનું શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ અને વર્ગમાં વિષય શીખવતા નિષ્ણાતો વચ્ચે અંતર ન રહેવા પામે એ પણ એટલું જ જરૂરી છે, આ માટે ભાષાવિષયક અધ્યાપકોને બાદ કરતાં ગુજરાતી ભાષામાં અન્ય વિદ્યાઓ અને અન્ય શાસ્ત્રો શીખવતા અધ્યાપકો માટે અવારનવાર લૅન્ગ્વેજ કૉન્ફરન્સિસ થાય કે ટૂંકા ભાષાવર્ગો વારંવાર લેવામાં આવે એ પણ જરૂરી છે.

(૭) ટૂંકો રસ્તો અપનાવવો હોય તો દરેક કૉલેજનો ગુજરાતી વિભાગ સ્વેચ્છાએ યા તો કોઈ ચોક્કસ પ્રકારની ઊભી કરાયેલી યોજના હેઠળ પોતાની જ કૉલેજના આ પ્રકારના અધ્યાપકો માટેનો અભિશિક્ષણ વર્ગ ચલાવે. આ વર્ગોમાં પદ્ધતિ મૂલ્યાંકનલક્ષી ન હોય પણ વસ્તુલક્ષી કે વર્ણનલક્ષી હોય એ વધુ ઇચ્છનીય છે તો જ પરિણામ સંતોષકારક આવી શકે.

(૮) છેલ્લે સ્નાતક કક્ષાએ ગુજરાતી સાહિત્યનો જે અભ્યાસક્રમ ત્રણ વર્ષ દરમ્યાન કુલ અગિયાર પ્રશ્નપત્રોમાં શીખવાય છે એમાં અને અનુસ્નાતકકક્ષાએ ગુજરાતીનો અભ્યાસક્રમ શીખનાર છે એમાં ક્યાંય ભાષાશિક્ષણની જોગવાઈ નથી. કોઈ એક સ્તરે અથવા કેટલેક સ્તરે અથવા બધા સ્તરે ભાષાશિક્ષણની જોગવાઈ કરી હોય તો ભવિષ્યનો ગુજરાતીનો અધ્યાપક ભાષાશિક્ષણનું કાર્ય સહેલાઈથી કરી શકે.

આમ, માત્ર ફરજિયાત ગુજરાતીનો અભ્યાસક્રમ દાખલ કરાવાથી કશું વળે નહિ, પણ અભ્યાસક્રમ અંગેનું માળખું વિષય સુસંગત ઘડવું પડશે. એને સમાંતર, અન્યપૂરક સામગ્રી પૂરી પાડવી પડશે. ભાષા શીખવનાર અધ્યાપકોની તેમજ ભાષાવિચારના વિષયોના અધ્યાપકોની તાલીમનું પણ વિચારવું પડશે. આમ કરવામાં બધી યુનિવર્સિટીઓએ સંયુક્ત પ્રયત્ન આદરવો પડશે, સાથે સાથે ગુજરાતી સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ, ભાષાનિયામકશ્રીની કચેરીએ પણ સંયુક્ત પ્રયત્નો કરવા પડશે. તો જ ગુજરાતી ભાષા માધ્યમ તરીકેની ક્ષમતા અંગેનું ઉજ્જ્વળ ભવિષ્ય રચી શકાશે.